# –⋟ આંક–૫ તથા આંક–૧૭ લગત હુકમ ⋞–

(૧) વાદીઓની હંગામી મનાઈ અરજીની ટુંક હકીકત એવી છે કે, વાદી નં.૧થી૩ ના પ્રજાપતી પુનાભાઈ કુબેરભાઈ મૈયતના વારસો છે અને મુળ વતની સુદરોસણના છીએઅને મુકતુપુર મુકામે ઉપરોકત બતાવેલ સરનામે હાલમાં રહીએ છીએ અને ખેતી કરી અમારા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના પ્રજાપતી અજાભાઈ ડામરભાઈ મૈયતના વારસો છે અને મુળ વતની અસાલડીના છો. પ્રતિવાદી નં.૨ હાલમાં કડી મુકામે રહે છે અને પ્રતિવાદી નં.૩/૧ થી ૩ /૨ પ્રજાપતી જીવણભાઈ હરીભાઈ મૈયતના વારસો છે. પ્રતિવાદી નં. ૪/૧ થી ૪/૪ પ્રજાપતી બબાભાઈ હરિભાઈ મૈયતના વારસો છે. પ્રતિવાદી નં.૫ પ્રજાપતી જોઈતાભાઈ હરીભાઈ મૈયતના વારસો છે. વધુમાં એવી હકીકત છે કે મોજે સુદરોસણ તા.કાંકરેજ ગામની સીમના રે.સ.નં. ૧૪૩ એ.૧૨ ગુંઠા ૧૨ આકાર રૂ.૯/૫૬ પૈસા વાળી ખેતીની જમીન પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ને પિતાશ્રી પ્રજાપતી અજાભાઈ ડામરભાઈએ તા.૧૮–૫–૬૯ ના રૂ.૪૦૦૧–૦૦ પુરામાં પ્રજાપતિ હરિભાઇ ભીખાભાઇ, બબાભાઇ ભીખાભાઇ સગરામ તથા જોઇતા હરી વલંદે ભીખાભાઇ વાળા પાસેથી વેચાણ રાખેલી જે અંગેનો લેખ રૂ.૫+૫ કુલ રૂ.૧૦ ના સ્ટેમ્પ પર ઘરમેળે કાચો વેચાણ લેખ ગામના આગેવાનો સાક્ષીઓની હાજરીમાં કરી આપેલ. જે વેચાણ આપનાર પ્રતિવાદી નં.૨ તથા નં. ૩/૧ થી ૫/૧ ના પિતાશ્રી અને સદર જમીન મોઢાના કરારથી સને ૧૯૭૩–૭૪ થી પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૪ના પિતાશ્રી પ્રજાપતિ અજાભાઇ ડામરભાઇએ તેમની હયાતીમાં વાદીઓના પિતાશ્રીને કબજો સોંપેલો અને માલિકી કબજા ભોગવટામાં સુપ્રત કરેલ. જે જમીન

વાદીઓના પિતાશ્રીના કબજામાં હોઇ મિલકત અંગે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૪ નાઓએ વેચાણ અવેજની કિંમત રૂ.૬૧,૦૦૦–૦૦ રોકડામાં લીધેલ અને તા.૬.૮.૯૭ નારોજ રૂ.૨૦/– ના સ્ટેમ્પ ઉપર પ્રતિવાદી ઓએ વાદીઓના પિતાશ્રીને લખી આપેલ જે લેખમાં પણ જણાવેલ છે કે, "તા.૧૮.૫.૬૯ ના લેખમાં દર્શાવ્યા મુજબ પાકો રજીસ્ટર દસ્તાવેજ કરવાનો હોઈ હાલ સ.નં.૧૪૩ એકર ૧૨ ગુંઠા ૧૨ ની જમીન રેકર્ડે પ્રજાપતિ હરીભાઇ ભીખાભાઇના નામે ચાલે છે તે જમીન ઉપર રૂ. ૬૧,૦૦૦/– આજરોજ રોકડા લીધા છે તે રકમ પેટે તમોને વેચાણ આપેલ છે અને તેનું ટાઇટલ કલીયર કરાવી તમોને પાક રજીસ્ટર દસ્તાવેજ કરી આપવાની જવાબદારી અમો લખી આપનારની અને તે આપવા અમો બંધાયેલા છીએ" અને સને ૧૯૭૩–૭૪ થી કબજો અમારા પિતાશ્રી પુનાભાઈ કુબેરભાઈનો હતો અને તેમની હયાતી દરમ્યાનથી અમારો કબજો ભોગવટો છે અને સદરહું સર્વે નં.૧૪૩એ.૧૨ ગુ.૧૨ વાળી જમીનનું  ટાઈટલ કલીયરન્સ કરાવી અમોને પાકો રજીસ્ટર દસ્તાવેજ કરી આપવા પ્રતિવાદીઓને અવાર નવાર જણાવેલ. પરંતુ પ્રતિવાદીઓ એકયા બીજા બહાના બતાવી સમય પસાર કરતા અને આજ દિન સુધી પ્રતિવાદીઓએસદરહું જમીનનું ટાઈટલ કલીયર કરાવી પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ  કરી આપેલ નહી. મોજે ગામ સુદરોસણ તા.કાંકરેજ ગામની સીમના રે.સ.નં.૧૪૩એ.૧૨ ગું.૧૨ વાળી ખેતીની જમીનની ચતુરદિશા તા.૧૮–૫–૬૯ ના લેખમાં જણાવ્યા મુજબના હદની છે જે અરજીમાં દર્શાવેલ છે. સદરહું જમીનઅંગે અમોએશિહોરીના પ્રિન્સી.સીવીલ જજ સાહેબની કોર્ટમાં કાયમી તાકીદનો દાવો સગરામભાઈ હરીભાઈ તથા શંભુભાઈ જોઈતાભાઈના વિરૂધ્ધ રે.દિ.મુ.નં. ૧૧/૧૨ કરેલ. જે દાવામાં પક્ષકારો વચ્ચે સમાધાન થતાં દાવો તા.૯–૨–૧૫ નારોજ પરત

ખેંચેલ તેમજ અને આંક–૨૩થી કાઉન્ટર કલેઈમ પ્રતિવાદીઓએ કરેલ જે તા.૯–૨–૧૫ નારોજ ફેંસલ થયેલ છે. સદરહું જમીનમાં વાદી નં.૧થી૩નાએ પાણીપત્રકમાં નામ દાખલ કરવા સગરામભાઈ હરીભાઈ તથા શંભુભાઈ જોઈતાભાઈ તથા દશરથભાઈ જીવણભાઈના વિરૂધ્ધ આર.ટી.એસ. નં. ૧/૦૭ દાખલ કરેલ. જે કામે મામલતદારશ્રીએ તા.૧૨–૩–૦૭ ના સદર જમીનમાં વાદી નં.૧થી૩ નું નામ દાખલ કરવા હુકમ કરેલ. જેના વિરુધ્ધ પ્રતિવાદી નં. ૨, નં.૩/૧, નં.૫/૧, નાએ આર.ટી.એસ. અપીલ નં. ૭૩/૦૭ નાયબ કલેકટરશ્રી ડીસાની કોર્ટમાં કરતાં જે અપીલ તા.૨૬–૨–૧૦ નારોજ મંજુર થયેલી. સદર અપીલના હુકમ વિરુધ્ધ કલેકટરશ્રી બનાસકાંઠામાં નં.બી.જમીન–૪/રિવીઝન/૨૭૬/૧૦ સુદરોસણની જમીન અંગેની રીવીઝન દાખલ કરેલ જે તા.૨૫–૧૦–૧૧ નામંજુર થયેલ અને સદર જમીનમાં વાદી નં.૧થી૩નાએ ગામ સુદરોસણ તા.કાંકરેજના હકકપત્રકે પડેલ ફેરફાર નોધ નં.૯૨૪ ની પ્રમાણિતકરવા સામે તેમજ વારસાઈ વહેંચણી અંગે ગુજરાત જમીન મહેસુલ નિયમોના નિયમ–૧૦૮(૫) મુજબ અપીલ વિવાદ પ્રતિવાદી નં.૨થી ૫/૧ તથા મામ.શ્રી કાંકરેજ તથા સ.ઓ. થરા વિરૂધ્ધ રેવન્યુ અપીલો દાખલ કરેલ જે હાલમાં મુલતવી છે. આમ, રેવન્યુ રેકર્ડ ઉપર પ્રતિવાદી નં.૨ થી ૫/૧ ના નામો ચાલતા હોઈ પ્રતિવાદીઓને વાદીઓએ રજી.પો.એ.ડી.થી વેચાણ દસ્તાવેજ કરી આપવા કાનુની નોટીસ આપેલી જે નોટીસો પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૩/૨ વગર બજેલ અને બીજા પ્રતિવાદીઓને નોટીસો બજેલ જેનો આજ દિનસુધી જવાબ આપેલ નથી કે વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી અને પ્રતિવાદીઓ વાદીઓના દાવાવાળી મિલકતકબજા ભોગવટામાં અડચણો, વિક્ષેપો ઉભા કરે તેમ છે તેમજ વાદીઓને જાણવા મળેલ કે પ્રતિવાદી નં.૨થી ૫/૧ ના નામો રેવન્યું

રેકર્ડમાં નામ ચાલતા હોઈ અન્ય ઈસમોને વેચી મારે તેવી દહેશત હોઈ તેમજ બોજામાં મુકે તેવી દહેશત હોઈ અરજીના પેરા–૧૦(૧)(૨) મુજબ દાદ અપાવવા હુકમ મેળવવા આ અરજી કરેલ છે.

(૩) આ દાવાના કામે પ્રતિવાદીઓને દાવાના સમન્સ નોટિસની બજવણી થતા, તેમના વિ.વકીલશ્રી મારફત હાજર થઇ આંક.૧૬ થી વાદીના દાવા તથા હંગામી મનાઇ હુકમ અરજ નો સંયુક્ત જવાબ લેખિતમાં રજુ કરેલ અને જેમાં વાદીના દાવા તથા હંગામી મનાઈ અરજીનો ઈન્કાર કરેલ છે. તથા આંક–૧૭ થી પ્રતિવાદી નં.૨થી ૫/૧ નાએ કાઉન્ટર કલેઇમ સંબંધે હંગામી મનાઇ હુકમ અરજ દાખલ કરેલ છે અને તેમણે આંક.૨૭ ના દસ્તાવેજી લીસ્ટ થી માર્ક ૨૭/૧ થી ૨૭/૧૭ સુધીના દસ્તાવેજો ખરી નકલ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૨થી ૫/૧ ના વાદીની દાવા તથા આંક–૫ ની અરજીનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે તેઓ જણાવે છે કે, દાવાવાળા ખેતરનો કબજો ભોગવટો શરૂઆતથી પ્રતિવાદીઓના બાપદાદાના વખતથી આજ દીન સુધી અમારો છે અને દાવાવાળું ખેતર રેવન્યું રેકર્ડે અમારા વડવા તેમજ તે પછી તેમના વારસદાર તરીકે અમો પ્રતિવાદીના નામે છે અને સ્થળ ઉપર કબજો ભોગવટો અમારો છે અને આ કામે કબજાનો ગેરલાભ લેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સદર જમીન અમો કે અમારા વડવાઓએ કયારેય વેચાણ આપેલ ના હોઈ રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવાનો કોઈ પ્રશ્ન નથી. પરંતુ વાદીઓએ અમારૂં ખેતર પડાવી લેવા માટે ૪૦ વર્ષ પછી ખોટો દાવો કરેલ હોઈ વાદીનો દાવો મુદત બહાર હોઈ રદ થવાનેપાત્ર છે. પ્રતિવાદીઓની રેવન્યું પ્રમોલગેશન નોધ નં.૯૧ ની વિગતે દાવાવાળું ખેતર હરીભાઈ ભીખાભાઈના નામે ચાલતું હતું અને નોધ નં.૬૯૨ થી તેના ચાર

પુત્ર જીવણભાઈ,બબાભાઈ,સગરામભાઈ, જોઈતાભાઈના સંયુકત નામે રેવન્યું રેકર્ડે ચાલે છે જે પૈકી ત્રણ ભાઈઓ ગુજરી ગયેલ છે અને સગરામભાઈ હયાત છે. અમો પ્રતિવાદીઓ સુદ્ધોસણા ગામે કાયમી વસવાટ કરીએ છીએ અને દાવાવાળા ખેતર રેવન્યું રેકર્ડે અમારા નામે ચાલે છે અને નોંધ નં.૯૬૧ થી સદર મિલકતની હયાતીમાં સ્થળ મુજબ કબજા આધારે ભાઈઓ ભાગની વહેંચણી થયેલી જે મુજબ રે.સ.નં.૧૪૩/૧ સગરામભાઈ હરીભાઈના નામે ચાલે છે. રે.સ.નં.૧૪૩/૨ દશરથભાઈ જીવણભાઈ, વિજયાબેન જીવણભાઈ ના નામે ચાલે છે. રે.સ.નં. ૧૪૩/૩ રમેશભાઈ બબાભાઈ, જયંતીભાઈ બબાભાઈ, નર્મદાબેન બબાભાઈ, વાલીબેન બબાભાઈ તથા રે.સ.નં. ૧૪૩/૪ શંભુભાઈ જોઈતાભાઈના નામે ચાલે છે. જયારે વાદીઓ ૪૦ વર્ષથી મકતુપુર ગામે રહે છે. તે પહેલાં વીજાપુરના લાડોલ ગામે તેમના વડવા રહેવા ગયેલા. વાદીઓ સુદ્ધોસણ ગામે રહેતા નથી અને દાવાવાળું ખેતરે આવેલ નથી અને હાલ જમીનના ભાવ ઉચકાતાં વાદીઓ બદદાનતથી દાવો દાખલ કરેલ હોઈ અમારે આ કાઉન્ટર કલેઈમ કરવાની ફરજ પડેલ છે. જેથી વાદીઓના અપકૃત્યને રોકવા હંગામી મનાઈ હુકમની અરજીની જરૂર પડેલ છે. પ્રતિવાદીઓએ આંક-૧૭ થી હંગામી મનાઈ હુકમની અરજી કરી પ્રતિવાદી નં.૨થી ૫/૧ ના જણાવે છે કે નોંધ નં.૯૧ ની વિગતે દાવાવાળું ખેતર અમારા પિતાશ્રી હરીભાઈ ભીખાભાઈના નામે ચાલતુ હું અને નોધ નં.૬૯૨ થી તેમના ચાર પુત્રો જીવણભાઈ, બબાભાઈ, સગરામભાઈ, જોઈતાભાઈના સંયુકત નામે રેવન્યું રેકર્ડે ચાલે છે જે પૈકી ત્રણ ભાઈઓ ગુજરી ગયેલ છે અને સગરામભાઈ હયાત છે. અમો પ્રતિવાદીઓ સુદ્ધોસણા ગામે કાયમી વસવાટ કરીએ છીએ અને દાવાવાળા ખેતર રેવન્યું રેકર્ડે ગા.ન.નં.૭-૧૨,૮-અ,ગા.ન.નં.૬ હકપત્રકમાં અમારા નામે ચાલે છે અને નોંધ નં.૯૬૧

થી સદર મિલકતની હયાતીમાં સ્થળ મુજબ કબજા આધારે ભાઈઓ ભાગની વહેંચણી થયેલી જે મુજબ રે.સ.નં. ૧૪૩/૧ સગરામભાઈ હરીભાઈના નામે ચાલે છે. રે.સ.નં.૧૪૩/૨ દશરથભાઈ જીવણભાઈ, વિજયાબેન જીવણભાઈ ના નામે ચાલે છે. રે.સ.નં. ૧૪૩/૩ રમેશભાઈ બબાભાઈ, જયંતીભાઈ બબાભાઈ, નર્મદાબેન બબાભાઈ, વાલીબેન બબાભાઈના નામે ચાલે છે તથા રે.સ.નં.૧૪૩/૪ શંભુભાઈ જોઈતાભાઈના નામે ચાલે છે. આમ, ઉપર મુજબ સદર ખેતરના ચાર ભાગ પડી ગયેલા હોઈ અને તે ભાગ મુજબ અમો પ્રતિવાદી નં.૨થી ૫/૧વાળા આ ખેતરોનો કબજો ભોગવટો ધરાવીએ છીએ અને હાલમાં પણ અમો તેમાં કરીએ છીએ. દાવાવાળા ખેતરમાં વાદીઓનો કે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નો લેશમાત્ર હકક અધિકારી નથી તેઓનો કબજો ભોગવટો નથી કે કયારેય હતો નહી. તા.૧૮–૫–૬૯ ના રૂ.૪૦૦૧/– નો કોઈ દસ્તાવેજે પ્રતિવાદીઓના પિતાશ્રી અજાભાઈ ડામરભાઈએ રૂ.૪૦૦૧/– નો અવેજનો કરી આપેલ જે દસ્તાવેજ બનાવટી કુટલેખનથી ઉભો કરેલ તેમજ તા.૬–૮–૯૭ ના રૂ.૬૧,૦૦૦/– નો વેચાણ કરાર થયેલ નથી જે કુટલેખનથી બનાવટી ઉભો કરેલ અને આવા બોગસ દસ્તાવેજથી કોઈ હકક મળવાપાત્ર નથી તેમાં જમીનની તબદીલી થયેલ નથી. દાવાવાળા ખેતરનો કબજો શરૂઆતથી અમો પ્રતિવાદી નં.૨ થી ૫/૧ ના પિતાનો રહેલો તે પછી અમો પ્રતિવાદીઓ માલીકી હકકથી વાવીએ છીએ. તેમ છતાં ૪૦ વર્ષથી પછી વાદીઓએ હાલનો ખોટો હકક લેવા દાવો કરેલ છે અને હંગામી મનાઈ હુકમ વાદીઓ સામે અરજકરવા જરૂર ઉપસ્થિત થયેલ છે. તેમ જણાવી અરજીના પેરા–૬ મુજબ દાદ માંગેલ છે.

(૪) જયારે આ કામે વાદીઓએ પ્રતિવાદીઓના કાઉન્ટર કલેઈમ વિરૂધ્ધ આંક–

૧૯ થી તથા હંગામી મનાઇ હુકમ વિરૂઘ્ધનો આંક–૨૦ થી લેખિત જવાબ રજુ કરેલ છે અને જેમાં પ્રતિવાદીઓના હંગામી મનાઈ હુકમની અરજીમાં જણાવેલ હકીકતનો તેઓએ ઈન્કાર કરેલ છે અને વાદીઓ જણાવે છે કે પ્રતિવાદીઓએ ખોટી વારસાઈ આધારે વહેંચણી કરેલ છે અને જે વારસાઈ તથા વહેંચણીની નોંઘો અમો વાદીઓએ સક્ષમ કોર્ટમાં રેવન્યું રાહે પડકારેલ છે. પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે વહેંચણી કરેલ હોઈ ઔપચારિક ધોરણે રેવન્યું રેકર્ડમાં નામો ચાલે છે. પરંતુ પ્રતિવાદી નં.૨ થી ૫/૧ નું દાવાવાળા ખેતરમાં કોઈ માલિકી કબજો ભોગવટો આવેલ નથી. જેથી પ્રતિવાદીઓનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી કે સગવડની સમતુલા તેમની તરફેણમાં નથી અને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી જેથી પ્રતિવાદીઓની હાલની અરજી રદ થવા અરજ કરેલ છે. વઘુમાં તેઓ જણાવે છે કે, તા.૧૮–૫–૬૯ વાળો દસ્તાવેજ તથા તા.૬–૮–૯૭ નો રૂ.૬૧,૦૦૦/– નો વેચાણ લેખ બોગસ દસ્તાવેજ નથી કે બનાવટી કુટલેખનથી ઉભા કરેલ નથી. પ્રતિવાદીઓના કાઉન્ટર કલેમ વિરૂઘ્ધ લેખીત જવાબ રજુ કરેલ છે અને પ્રતિવાદીઓનો દાવાવાળા ખેતરનો કાયદેસરનો વારસાઈ હકકે કબજો ભોગવટો આવેલ નથી જેથી પ્રતિવાદીઓ માંગ્યા મુજબ મનાઈ હુકમ મેળવવા હકકદાર નથી. દાવાવાળા ખેતરમાં પ્રતિવાદીઓનો કોઈ કબજો ભોગવટો આવેલ નથી જેથી ઘમકી આપવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. અમો વાદીઓએ પ્રતિવાદીનાએ દાવા તથા મનાઈ અરજીનો સંયુકત જવાબ સાથે કાઉન્ટર કલેમ કરેલ છે તેના વિરૂઘ્ધ લેખીત જવાબ તથા જવાબ વિરૂઘ્ધ કાઉન્ટર સોગંદનામુ રજુ કરેલ છે જેમાં જણાવેલી હકીકતો હાલના જવાબના ભાગ તરીકે ગણવા વિનંતી છે. આમ, ઉપરોકત હકીકતો ઘ્યાને લઈ પ્રતિવાદીઓની હંગામી મનાઈ હુકમની અરજી ખર્ચ સાથે

રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) આ કામે વાદીઓએ આંક–૪ ના દસ્તાવેજી લીસ્ટ થી માર્ક ૪/૧ થી ૪/૩૬ સુધીના તથા પ્રતિવાદી નં.૨થી ૫/૧ નાઓએ આંક–૨૭ ના દસ્તાવેજી લીસ્ટથી માર્ક ૨૭/૧ થી ૨૭/૧૭ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે. આ દાવાના કામે વાદીઓ તરફે વિ.વકીલશ્રીએ આંક–૨૩થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી તથા બંને પક્ષ ના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી. વાદીઓ તરફે નામદાર ગુજરાત વડી અદાલતના ૨૦૦૬(૧) જી.એલ.એચ.૧૭૧ ચુકાદા પર આધાર રાખેલ છે.

(૬) ઉપરોકત હકિકતો આધારે આંક–૫ તથા આંક–૧૭ ની અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

// મુદ્દા //

૧. શું વાદીઓ કે પ્રતિવાદી નં.૨થી૫/૧ ના પોતાનો પ્રથમદર્શનીય કેસ હોવાનું પુરવાર કરે છે ?
૨. શું સગવડ અગવડની સમતુલા વાદીઓ કે પ્રતિવાદી નં.૨થી૫/૧ ની તરફેણમાં છે ?
૩. શું માંગ્યા મુજબનો હંગામી મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીઓ કે પ્રતિવાદી નં.૨થી૫/૧ ને નાણાથી ભરપાઇ ન થઇ શકે તેવુ પારાવાર નુકશાન જાય તેમ છે ?
૪. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં.
૨. નકારમાં.
૩. નકારમાં.
૪. હુકમ મુજબ.

## (૮) –➤ કા ર ણો ➤–

**મુદ્દા નં.૧થી૩.**

૮/૧. ઉપરોકત ત્રણે મુદ્દા એકજ હકિકતમાંથી ઉદ્‌ભવેલા તેમજ એકબીજા સાથે સંલગ્ન હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદ્દાની ચર્ચા નીચે મુજબ એક સાથે કરવામાં આવેલ છે.

૮/૨. આ કામે પક્ષકારોના પક્ષ નિવેદન તથા પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં માર્ક ૪/૧ વેચાણ કરારલેખની નકલ રજુ છે તે જોતાં તા.૮–૬–૯૭ નારોજ પ્રતિવાદી નં.૧/૧ પ્રજાપતી હરગોવનભાઈ અજાભાઈ એ વાદીઓના મર્હુમ પિતા પ્રજાપતી પુનાભાઈ કુબેરભાઈને સુદરોસણાના સ.નં.૧૪૩એ.૧૨ગુ.૧૨ વાળી જમીન વેચાણ આપેલાનું છે. માર્ક ૪/૨ થી તા.૧૮–૫–૬૯ ના સાદા વેચાણ લેખ મુજબ સ.નં.૧૪૩ એ.૧૨ગું૧૨ વાળી જમીન પ્રતિવાદી નં.૨,૩,૪,૫ ના પિતા હરીભાઈ ભીખાભાઈએ પ્રજાપતી અજાભાઈ ડામરભાઈને વેચાણ આપેલ અને જમીનનો કબજો સુપ્રત કરેલ છે. માર્ક ૪/૨ વાળો દસ્તાવેજ ત્રીસ વર્ષ પહેલાંનો હોવાનું ફલિત થાય છે. માર્ક ૪/૩ થી આર.ટી.એસ.કેસ નં. ૧/૦૭ ના કામે મામલતદાર કાંકરેજના હુકમની નકલ જોતાં સ.નં. ૧૪૩એ.૧૨.ગુ.૧૨ માં વાદીઓના નામ પાણીપત્રકમાં નામ દાખલ કરવા હુકમ કરેલ છે. માર્ક ૪/૪ થી આર.ટી.એસ.અપીલ નં.૭૩/૦૭ નાકામે નાયબ કલેકટરશ્રી ડીસાના હુકમની નકલ જોતાં પ્રતિવાદી નં.૨,૩/૧ તથા ૫/૧ નાએ વાદીઓ સામે મામલતદારશ્રીના હુકમ તા.૧૨–૩–૦૭ સામે વિવાદ અરજી દાખલ કરેલ જે

ના.કલે.શ્રી ડીસાએ તા.૨૬–૨–૧૦ નારોજ વિવાદ અરજી નામંજુર કરેલ છે. માર્ક ૪/૫ થી નં.બી/જમીન–૪/ રીવીજન/૨૭૬/૧૦ સુદ્ધોસણના કામે કલેકટરશ્રી બનાસકાંઠાના હુકમની નકલ જોતાં પ્રતિવાદી નં.૨,૩/૧ તથા ૫/૧ નાએ વાદીઓ સામે નાયબ કલે.ડીસાના હુકમ સામે રીવીજન દાખલ કરેલ જે રીવીજન નામંજુર કરવામાં આવેલ છે. માર્ક ૪/૬ થી હકપત્રક નોધ નં.૬૯૨ વારસાઈની નોધ જોતાં સ.નં.૧૪૩વાળી જમીન પ્રતિવાદી નં.૨થી૪ ના નામે વારસાઈથી દાખલ કરવા નોંધ થયેલછે. માર્ક ૪/૭ થી શિહોરીના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૧૧/૧૨ વાદીઓએ પ્રતિવાદી નં.૨ તથા ૫/૧ થી દાવો કરી મનાઈ હુકમની માંગણી કરેલ છે. માર્ક ૪/૮ થી રે.દિ.મુ.નં. ૧૧/૧૨ નાકામે વિડ્રો પુરસીસની નકલ જોતાં વાદીઓએ સદર દાવો પરત ખેંચેલ છે. માર્ક ૪/૯ થી હકકપત્રક નોધ નં. ૬૯૨ વારસાઈની નોધ જોતાં સ.નં. ૧૪૩ વાળી જમીન પ્રતિવાદી નં. ૨થી૫ ના નામે દાખલ કરવા વારસાઈ નોંધ પડેલ છે. માર્ક ૪/૧૦ થી નોંધ નં. ૯૨૪ વારસાઈની નોધ જોતાં પ્રતિવાદી નં.૩ ગુજરી જતાં તેમના વારસોના નામ દાખલ કરવા નોધ પડેલ છે. માર્ક ૪/૧૧ થી નોધ નં.૯૫૨ હયાતીમાં વહેંચણીની નોધ જોતાં પ્રતિવાદી નં.૩/૧ થી ૫/૧ વચ્ચે વહેંચણીની નોધ થયેલ છે. માર્ક ૪/૧૨ થી નોધ નં.૯૬૧ હયાતીમાં વહેંચણીની નોધ જોતાં સ.નં.૧૪૩ પૈકીમાં નં.૨ થી ૫/૧ વચ્ચે હયાતીમાં વહેંચણીની નોધ થયેલ છે. છે. માર્ક ૪/૧૩ થી નોધ નં.૬૯૭ હુકમથી નોધ જોતાં મામલતદાર કાંકરેજના હુકમ નં.આર.ટી.એસ.કેસ નં.૧/૦૭ ના હુકમ મુજબ વાદીઓના નામ દાખલ થયેલ છે. માર્ક ૪/૧૪ થી નોધ નં.૭૮૬ હુકમથી નોંધ રજુ છે તે મુજબ નાયબ કલેકટરશ્રી ડીસાના હુકમ આધારે નોંધ પડેલ છે. માર્ક ૪/૧૫ થી નોંધ નં.૮૮૪ હુકમથી નોધ જોતાં કલેકટરે રીવીજન નામંજુર કરેલ તેની

હુકમી નોંધ પડેલ છે. માર્ક ૪/૧૬ થી ગા.ન.નં.૭–૧૨, માર્ક ૪/૧૭ થી ગા.ન.નં.૮–અ જોતાં સ.નં. ૧૪૩/૧ વાળી જમીનના પ્રતિવાદી નં.૨ ના કબજેદાર હોવાનું જણાઈ આવે છે. માર્ક ૪/૧૮ થી આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદી નં.૨,૩/૧ થી ૫/૧ સામે ડીસાના પ્રાન્ત અધિકારી સમક્ષ આર.ટી.એસ. અપીલ વિવાદ કેસ નં.૧૦૮/૧૪ દાખલ કરેલ તેની નકલ રજુ છે. માર્ક ૪/૧૯ થી ના.કલે.શ્રી ડીસાના આર.ટી.એસ.અપીલ નં. ૧૦૮/૧૪ ના કામે વાદીને આપેલ નોટીસની નકલ રજુ છે. માર્ક ૪/૨૦ થી આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદી નં.૨,૩/૧ થી ૫/૧ તથા મામમતદારશ્રી કાંકરેજ, સ.ઓ. થરા સામે ડીસાના પ્રાન્ત અધિકારી સમક્ષ આર.ટી.એસ.અપીલ વિવાદ કેસ નં. ૧૦૯/૧૪ દાખલ કરેલ તેની નકલ રજુ છે. માર્ક ૪/૨૧ થી ના.કલે. ડીસાના આર.ટી.એસ.અપીલ નં. ૧૦૯/૧૪ ના કામે વાદીને આપેલ નોટીસની નકલ રજુ છે. માર્ક ૪/૨૨ થી આ કામના વાદીઓએ આ કામના પ્રતિવાદી નં.૨,૩/૧ થી ૫/૧ તથા મામ.કાંકરેજ, સ.ઓ. થરા સામે ડીસાના પ્રાન્ત અધિકારી સમક્ષ આર.ટી.એસ.અપીલ વિવાદ કેસ નં.૧૧૦/૧૪ દાખલ કરેલ તે વિવાદ અરજીની નકલ રજુ છે. માર્ક ૪/૨૩ થી ના.કલે.ડીસાના આર.ટી.એસ. અપીલ નં.૧૧૦/૧૪ ના કામે વાદીને આપેલ નોટીસની નકલ રજુ છે. માર્ક ૪/૨૪ થી વાદીઓએ તેમના વકીલશ્રી મારફતે પ્રતિવાદીઓને કાનુની નોટીસ આપેલ તે નોટીસની નકલ રજુ છે. માર્ ૪/૨૫ થી પ્રતિવાદી નં.૩/૨ પરની નોટીસ પરત આવેલ તેનુ કવર રજુ છે. માર્ક ૪/૨૬ થી ૪/૩૬ સુધી એકનોલેજમેન્ટ રજુ છે. પ્રતિવાદી તરફે માર્ક ૨૭/૧ થી ગા.ન.નં.૬ નોધ નં.૬૯૨ વારસાઈની જોતાં સ.નં.૧૪૩ વાળી જમીન પ્રતિવાદી નં.૨થી૫ ના નામે વારસાઈથી આવેલ છે. માર્ક ૨૭/૨ થી ગા.ન.નં.૬ નોધ નં.૯૨૪ વારસાઈની નોધ

જોતાં પ્રતિવાદી નં.૩ ગુજરી જતાં સ.નં.૧૪૩વાળી જમીન પ્રતિવાદી નં. ૩/૧ થી ૫/૧ ના નામ દાખલ કરવા નોધ પડેલ છે. માર્ક ૨૭/૩થી ગા.ન.નં.૬ નોંધ નં.૯૫૧ ની હયાતીમાં વહેંચણીની નોધ જોતાં પ્રતિવાદી નં.૩/૧ થી ૫/૧ વચ્ચે વહેંચણીની નોધ થયેલ છે. માર્ક ૨૭/૪ થી નોધ નં.૯૫૨ ની જોતાં સ.નં.૧૪૩વાળી જમીનમાં પ્રતિવાદી નં.૨ થી ૫/૧ ના નામે હયાતીમાં વહેંચણી થયેલ છે. માર્ક ૨૭/૫ થી નોધ નં.૯૬૧ જોતાં સ.નં.૧૪૩વાળી જમીનમાં પ્રતિવાદી નં.૨ થી ૫/૧ ના નામે હયાતીમાં વહેંચણીની નોધ થયેલ છે. માર્ક ૨૭/૬ થી ગા.ન.નં.૭ તથા માર્ક ૨૭/૭ થી ગા.ન.નં.૧૨, માર્ક ૨૭/૮ થી ગા.ન.નં.૮અ જોતાં સ.નં.૧૪૩/૧ વાળી જમીનના પ્રતિવાદી નં.૨ કબજેદાર હોવાનું જણાઈ આવે છે. માર્ક ૨૭/૯ થી ગા.ન.નં.૭, માર્ક ૨૭/૧૦ થી ગા.ન.નં.૧૨, માર્ક ૨૭/૧૧ થી ગા.ન.નં. ૮અ જોતાં સ.નં.૧૪૩/૨ વાળી જમીનના પ્રતિવાદી નં.૩/૧,૩/૨ ના કબજેદાર હોવાનું જણાઈ આવે છે. માર્ક ૨૭/૧૨ થી ગા.ન.નં.૭,માર્ક ૨૭/૧૩ થી ગા.ન.નં.૧૨, માર્ક ૨૭/૧૪ થી ગા.ન.નં.૮અ જોતાં સ.નં.૧૪૩/૩ વાળી જમીનના પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૨ ના કબજેદાર હોવાનું જણાઈ આવે છે. માર્ક ૨૭/૧૫ થી ગા.ન.નં.૭,માર્ક ૨૭/૧૬ થી ગા.ન.નં.૧૨, માર્ક ૨૭/૧૭ થી ગા.ન.નં.૮અ જોતાં સ.નં.૧૪૩/૪ વાળી જમીનના પ્રતિવાદી નં. ૫/૧ ના કબજેદાર હોવાનું જણાઈ આવે છે.

૮/૩. વાદીઓ તરફે એવી દલીલ થયેલ છે કે વાદીઓએ આ કામે માર્ક ૪/૧ અને ૪/૨ થી રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે જેમાં મિલકત પરનો અધિકાર સાબિત કરવા માટે પુરતા હોય અને વાદીઓએ આ કામે રેવન્યુ નોંધોને ચેલેન્જ કરેલ છે જે માર્ક ૪/૧૮,૪/૧૨, ૪/૨૩ વાળા અપીલ મેમાથી સાબિત થાય છે.

જેથી દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં.૨થી ૫/૧ ના રેવન્યુ રેકર્ડ પર નામો માત્ર ઔપચારીક ચાલતા હોય પ્રતિવાદીનો કબજો માની શકાય નહી અને જેથી માર્ક ૪/૯ થી ૪/૧૭ મુજબ પ્રતિવાદી નં .૨ થી ૫/૧ નું મહેસુલી રેકર્ડમાં પુરાવાકીય કોઈ મુલ્ય રહેતું ન હોય વાદીની આંક–૫ ની અરજી મંજુર કરવી જોઈએ. વધુમાં વાદી તરફથી દલીલ છે કે, પ્રતિવાદી નં.૨થી ૫/૧ એ આંક–૧૭ થી મનાઈ હુકમની અરજી આપેલ છે, પરંતુ માર્ક ૪/૧ થી ૪/૫ તેમજ માર્ક ૪/૧૩ થી ૪/૧૫ તેમજ માર્ક ૪/૧૮ થી ૪/૨૪ ના દસ્તાવેજો તથા પ્રતિવાદીઓનો આંક–૧૩ થી જવાબ જોતાં પ્રતિવાદી નં .૨થી૫/૧ નો કોઈ માલિકી કબજો ભોગવટો પુરવાર થતો નથી જેથી પ્રતિવાદી નં.૨થી૫/૧ નો કાઉન્ટર કલેઈમ તથા આંક–૨૦ થી વાદીનો જવાબ ટકવાપાત્ર નથી અને જેથી પ્રતિવાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોય તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં ન હોય અને મનાઈ હુકમ ન આપવાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી જેથી પ્રતિવાદીઓની મનાઈ અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

૮/૪. જયારે પ્રતિવાદી નં.૨ થી ૫/૧ તરફે એવી દલીલ થયેલ છે કે, અમારા બાપદાદા વખતથી આજ દીન સુધી દાવાવાળા ખેતરનો કબજો ભોગવટો અમારો છે અને રેવન્યુ રેકર્ડ ગા.ન.નં.૭/૧૨,૮–અ તથા ગા.ન.નં.૬ જોતાં દાવાવાળા ખેતરમાં અમારા વડવા તેમજ ત્યારબાદ તેઓના પછી તેઓના વારસદાર તરીકે અમો પ્રતિવાદી નં.૨થી ૫/૧ ના નામે આવેલ છે અને દાવાવાળા ખેતરનો સ્થળ ઉપર કબજો ભોગવટો પણ અમારો આવેલ છે. દાવાવાળી ખેતરમાં વાદીઓ તથા તેમના વડવાની માલિકી કબજા ભોગવટામાં આવેલાની હકીકત ઉપજાવી કાઢેલી છે અને પ્રતિવાદી નં.૧થી૪

નાએ ખેતર વેચાણ લીધેલ ન હોવા છતાં ખોટા દસ્તાવેજો બનાવી ખોટુ રેકર્ડ ઉભું કરેલ હોય અમો પ્રતિવાદી નં.૨થી ૫/૧ ની માલિકી કબજાની જમીન પડાવી લેવા માટે પ્રતિવાદી નં.૧થીજ નાએ વાદીની તરફેણમાં ખોટો જવાબ ઉભો કરેલ હોય અને અમારૂ ખેતર પડાવી લેવા ૪૦ વર્ષ પછી હાલનો દાવો લાવેલા હોય વાદીના દાવાને મુદતનો બાધ નડતો હોય વાદીનો દાવો તથા વાદીની મનાઈ અરજી રદ કરવા વિનંતી કરેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૨થી ૫/૧ તરફે દલીલ થયેલ છે કે, રેવન્યુ રેકર્ડે પ્રમોલગેશન નોંધ નં.૯૧ થી દાવાવાળું ખેતર હરીભાઈ ભીખાભાઈ કુંભારને નામે ચાલતુ હતુ અને નોંધ નં.૬૯૨ થી હરીભાઈ ભીખાભાઈના પુત્રો એટલેકે સગરામભાઈ, જીવણભાઈ, બબાભાઈ અને જોઈતાભાઈને સંયુકત નામે રેવન્યુ રેકર્ડે ચાલે છે અને જે પૈકી પ્રતિવાદી નં.૨ સગરામભાઈ હયાત છે અને બાકીના ત્રણ જીવણભાઈ, બબાભાઈ, જોઈતાભાઈ ગુજરી ગયેલા છે અને નોંધ નં.૯૬૧ મુજબ સ.નં.૧૪૩ વાળી મિલકતની સ્થળ મુજબ કબજા આધારે ભાઈઓ ભાગે વહેંચણી થયેલ છે અને તે મુજબ સ.નં.૧૪૩પૈકી૧ પ્રતિવાદી નં.૨ સગરામભાઈ હરીભાઈ, સ.નં.૧૪૩પૈકી૨ પ્રતિવાદી નં. ૩/૧ દશરથભાઈ જીવણભાઈ, નં.૩/૨ વિજયાબેન જીવણભાઈને નામે તથા સ.નં. ૧૪૩પૈકી૩ પ્રતિવાદી નં.૪/૧ રમેશભાઈ બબાભાઈ, નં.૪/૨ જયંતીભાઈ બબાભાઈ, પ્રતિવાદી નં.૪/૩ નર્મદાબેન બબાભાઈ, નં.૪/૪ વાલીબેન બબાભાઈ ને નામે તથા સ.નં.૧૪૩પૈકી૪ પ્રતિવાદી નં.૫/૧ શંભુભાઈ જોઈતાભાઈને નામે ચાલે છે. જેથી દાવાવાળા ખેતરના ચાર ભાગ પડી ગયેલા છે અને તે ભાગ મુજબ અમો પ્રતિવાદી નં.૨થી૫/૧ ના સદર ખેતરોનો કબજો ભોગવટો ધરાવીએ છીએ અને હાલેય પણ અમો તેમાં ખેતી કરીએ છીએ અને આ ખેતરમાં વાદીઓ કે તેઓના મળતીયાને કોઈ હક હિસ્સો નથી.

અમો પ્રતિવાદી સુદ્ધોસણા ગામે કાયમી વસવાટ કરીએ છીએ જયારે વાદીઓ છેલ્લા ચાલીસ વર્ષથી મકતુપુર તા.ઉઝા મુકામે રહે છે અને વાદીઓના વડવા પહેલાં લાડોલ તા.વીજાપુર ગામે રહેવા ગયેલા હતા જેથી વાદીઓ સુદ્ધોસણા ગામે રહેલા નથી કે દાવાવાળું ખેતર તેઓએ ખેડેલ નથી અને અમો પ્રતિવાદી નં.૨થી ૫/૧ ની માલિકી કબજા ભોગવટામાં આવેલ હોય જમીનના ભાવો ઉંચકાતાં બદદાનતથી દાવો લાવી મનાઈ હુકમની અરજી આપેલ હોય તે સામે અમોએ કાઉન્ટર કલેઈમ કરીને મનાઈ અરજી આપેલ છે જેથી વાદીઓની આંક-૫ ની અરજી નામંજુર કરી અમારી આંક-૧૭ની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

૮/૫. ઉપરોકત બંન્ને પક્ષોના પક્ષ નિવેદન તથા બંન્ને પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા દલીલોને ધ્યાને લેતાં પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ એ વેચાણથી વાદીઓના પિતાને દાવાવાળી જમીન સોંપેલ છે અને તે મુજબ અમો વાદી સુદ્ધોસણાના સ.નં.૧૪૩ ના એ.૧૨ ગુઠા ૧૨ વાળી ખેતીની જમીન વાદીઓના માલિકી કબજા ભોગવટામાં આવેલ છે. પરંતુ માર્ક ૪/૧ તથા ૪/૨ થી રજુ થયેલ વેચાણ જે અન રજીસ્ટર્ડ દસ્તાવેજ છે જેથી તેના આધારે વેચાણ થયેલાનુ હાલના તબકકે માનવાપાત્ર નથી અને જે પુરાવાનો વિષય છે. સ.નં.૧૪૩ માં વાદીનું પાણીપત્રક કરવા મામલતદારમાં કેસ નં. ૧/૦૭ જે મુજબ વાદીના નામ દાખલ કરવા હુકમ થયેલ છે અને જે મુજબ નોંધ નં.૬૯૭ પડેલાનું છે અને મામલતદારશ્રીના સદર હુકમ સામે પ્રતિવાદીઓએ ના.કલે.શ્રી ડીસામાં અપીલ દાખલ કરેલ પ્રતિવાદીની અપીલ નામંજુર થયેલ છે અને હુકમ મુજબ નોંધ નં.૭૮૬ ની પડેલાનું છે અને ત્યારબાદ અપીલ નં.૭૩/૦૭ ના હુકમ સામે પ્રતિવાદીઓએ કલેકટરશ્રી બનાસકાંઠા સમક્ષ

રીવીજન કરેલ જે રીવીજન પણ નામંજુર થયેલ અને જેની નોંધ નં.૮૮૪ પડેલાનું છે અને કલે.શ્રીના હુકમ સામે આગળ કોઈ હુકમ થયેલાનુ જણાય આવતુ નથી. આમ, રેવન્યુ રાહે તકરારમાં પ્રતિવાદીઓ સફળ થયેલા નથી. વધુમાં નોંધ નં.૬૯૨ વારસાઈથી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીના નામ દાખલ થયેલાનું છે અને જે નોધ પ્રમાણીત કરવા સામે તથા નોંધ નં.૯૬૧ હયાતીમાં વહેંચણીથી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીના નામ દાખલ થયેલ છે અને જે નોંધ પ્રમાણીત કરવા સામે તથા નોંધ નં.૯૨૪ વારસાઈથી પ્રતિવાદીના નામો રેવન્યુ રેકર્ડે દાખલ થયેલાનું છે અને જે નામો દાખલ કરવા સામે વાદીઓએ તથા ૯૬૧ ની સામે ગુજરાત જમીન મહેસુલ નિયમોના નિયમ-૧૦૮(૫) મુજબ પ્રાન્ત અધિકારી ડીસામાં વિવાદ અરજી દાખલ કરેલાનું છે અને જે વિવાદ અરજી હાલમાં પેન્ડીંગ હોવાનું જણાય છે સદર વિવાદ અરજીઓના નિર્ણય થયેલાનું જણાય આવતું નથી. વધુમાં સ.નં.૧૪૩ ના ખાતેદાર હરીભાઈ ભીખાભાઈ ગુજરી જતાં તેઓના વારસદાર હાલના પ્રતિવાદી નં.૨થીપ ના નામે દાખલ થયેલાનુ છે અને સ.નં.૧૪૩ વાળી જમીન પ્રતિવાદીના વડવાએ વાદીઓ કબજે સુપ્રત કરેલ અને જે આધારે અત્રેની કોર્ટમાં રે.દિ.મુ.નં .૧૧/૧૨ નો વાદીઓએ દાવો લાવેલ જે દાવો તા.૯-૨-૧૫ નારોજ વિડ્રોથી ફેંસલ થયેલાનું છે અને વાદીઓ તરફે પોતાની હકીકતના સમર્થનમાં ***૨૦૦૬(૧)જી.એલ.એચ. પાના ન.૧૭૧ ઉપર પ્રસદઘ થયેલ કાન્તીભાઈ ઈશ્વરભાઈ પટેલ વિરૂદઘ ચંદ્દકાન્તભાઈ ઈશ્વરભાઈ પટેલ*** ના કેસનો ચુકાદો રજુ થયેલ છે અને સદર ચુકાદો વંચાણે લેતાં મુંબઈ જમીન મહેસુલ અધિ.૧૮૭૯ ની કલમ-૧૩૫(જે) તથા ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ ની કલમ-૧૧૪ મુજબ હકકપત્રકમાંની નોંધ અંગેના પુરાવાની ગ્રાહ્યતા-મહેસુલી રેકર્ડનું કોઈ

પુરાવાકીય મુલ્ય નથી–મહેસુલી રેકર્ડમાં થતી ફેરફારની નોંધોના આધારે મિલકત પરનો અધિકાર નકકી કરી શકાય નહી તે માત્ર અનુમાનકીય ગણાય–મહેસુલી રેકર્ડમાં ફેરફાર નોંધ ગમે તે હોય તો પણ જમીનના અધિકારનો પ્રશ્ન નકકી કરવા દિવાની અદાલતનેજ હકુમત આપે છે તે સિધ્ધાંત અત્રેની કોર્ટને શિરોમાન્ય છે. પરંતુ આ કેસની હકીકત જોતાં આ કામે દાવાવાળી જમીનની નોંધો પડેલ તે નોંધાની સામે વિવાદ અપીલ થયેલ તે વિવાદનો નિર્ણય થયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી અને રેવન્યુ રેકર્ડ મુજબ દાવાવાળી જમીન પર હાલમાં પ્રતિવાદીને નામે હોવાનું જણાઈ આવે છે. જેથી મહેસુલી રેકર્ડે જે નોંધો થયેલ છે તે પુરાવાનો વિષય છે અને તે પુરાવો લઈનેજ નિર્ણીત થઈ શકે તેમ જણાય છે. વધુમાં રેવન્યુ રેકર્ડે દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૨ થી ૫/૧ ના નામ દાખલ થયેલાનું અને પ્રતિવાદીઓના નામે ચાલતી હોવાનું જણાઈ આવે છે. પરંતુ તે સામે વિવાદ ચાલતો હોય અને રેવન્યુ રાહે તેનો નિકાલ થયેલ નથી જેથી રેવન્યુ રાહે તકરાર ચાલતી હોવાનું જણાય આવે છે. જેથી પ્રતિવાદીઓ તરફે આંક–૧૭ થી મનાઈ અરજી આપી, સ.નં.૧૪૩ દાવાવાળા ખેતરનો રેવન્યુ રેકર્ડ ગા.ન.નં.૭/૧૨,૮–અ, ગા.ન.નં.૬ થી તેઓના નામે ચાલતુ હોવાને અને હયાતીમાં સ્થળ મુજબ ભાઈઓ ભાગે વહેંચણી થયેલ હોવાને અને તે મુજબ પ્રતિવાદી નં.૨ થી ૫/૧ ના નામે રેકર્ડ ચાલતુ હોય અને ભાઈઓ ભાગ પડી ગયેલા હોય અને પ્રતિવાદીઓનો કબજો ભોગવટો ધરાવતા હોવાનું હાલના તબકકે જણાઈ આવતું નથી અને તે હકીકત પુરાવો લીધા વિના નકકી થઈ શકે તેમ નથી. જેથી રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતાં વાદીઓ કે પ્રતિવાદી નં.૨ થી ૫/૧ નો પ્રથમદર્શનીય કેસ હોવાનું તેમજ સગવડ અગવડતાની સમતુલા તેઓના તરફેણમાં હોવાનું હાલના તબકકે જણાય

આવતું નથી અને તે હકીકત પુરાવો લીધા વિના નકકી થઈ શકે તેમ નથી. જેથી વાદીઓ તથા પ્રતિવાદી નં.૨થી ૫/૧ નો પ્રથમદર્શનીય કેસ તથા સગવડ અગવડની સમતુલા તેઓના તરફેણમાં હોવાનું હાલના તબકકે જણાય આવતું નથી તેમજ પક્ષકારો વચ્ચે રેવન્યુ રાહે તકરાર ચાલુ છે અને હાલના દાવા તથા અરજીની હકીકત ધ્યાને લેતાં વાદીઓ કે પ્રતિવાદી નં.૨થી ૫/૧ ને મનાઈ હુકમ આપવામાં આવે તો રેવન્યુ રેકર્ડ ઉપર ગુચવણા ઉભી થાય અને તેનાથી પક્ષકારના હિત હકકને નુકશાન થાય અને દાવા દુવી વધી જાય તેમ જણાય છે, જેથી હાલના તબકકે વાદીઓ કે પ્રતિવાદી  નં.૨થી ૫/૧ ને માંગ્યા મુજબનો હંગામી મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીઓ કે પ્રતિવાદી  નં.૨થી ૫/૧ ઓને નાણાથી ભરપાઇ ન થઇ શકે પારાવાર નુકશાન જતુ હોય તેમ જણાય આવતું નથી. જેથી તમામ ચર્ચાને અંતે ઉપરોકત મુદ્દા નં.૧,૨,૩ ના જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

વાદીઓની આંક–૫ ની અરજી તથા પ્રતિવાદી નં.૨ થી ૫/૧ ની આંક–૧૭ ની  અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

બંન્ને અરજીઓનું ખર્ચ દાવાના હુકમને અંતે અનુસરશે.

હુકમની એક નકલ આંક–૧૭ લગત સામેલ રાખવી.

હુકમ આજ તા.૧૪મી માહે ઓગષ્ટ, સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી  જાહેર કર્યો.

મુ.શિહોરી.
તા.૧૪–૮–૨૦૧૮

(દિનેશ ગંગારામ વાઘેલા)
પ્રિન્સીપાલ સિવિલ જજ,શિહોરી.
જી.જે.૦૧૪૪૪